# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31/05/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આકાશવાણી દ્વારા પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમની આજે 134મી કડીમાંપોતાના વિચારો રજૂ કરશે.**
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પ્રાઈડ ઑફ ગુજરાત એવોર્ડ્સ એનાયત કરતાંકહ્યુ કે દરેક ગુજરાતીને પ્રાઈડ થાય એવા વિકાસ સાથે રાજ્ય પ્રગતિની નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે.
3. આણંદના અડાસમાં નિર્માણાધીન રેલવે બ્રિજનો એક ભાગ ધરાશાયી.. કોઇ જાનહાનિ નહી.
4. અમદાવાદ સહિતના રાજ્યના કેટલાંક વિસ્તારમાં મધ્યરાત્રી બાદ વરસાદી ઝાપટાં
5. **અભેદ્ય સલામતી વ્યવસ્થા વચ્ચે આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને રોયલ ચેલન્જર્સ બેંગલુરુ વચ્ચે રસાકસી ભરી આઇપીએલની ફાઇનલ મેચ રમાશે.**
6. **આકાશવાણીની સ્થાપનાના નવ દાયકાની ઉજવણી અંતર્ગત અમદાવાદ ખાતે વોકાથોન યોજાઇ**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત " કાર્યક્રમમાં દેશવિદેશના લોકો સમક્ષ તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 134મી કડી હશે. હિન્દીમાં "મન કી બાત" ના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન **AIR** મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. તેમજ આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર , પ્રધાનમંત્રી કાર્યાલય - **PMO** તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલ પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . .

**REPEAT = SHIRALI**

# CM GUJARAT PRIDE AWARD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ , એક ખાનગી સમાચાર ચેનલ દ્વારા આયોજીત 'પ્રાઈડ ઑફ ગુજરાત એવોર્ડ્સ' સન્માન સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મુખ્યમંત્રીના હસ્તે વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર પ્રતિભાશાળી વ્યક્તિઓને પ્રાઈડ ઓફ ગુજરાત એવોર્ડ એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે દરેક ગુજરાતીને પ્રાઈડ થાય એવા વિકાસ સાથે રાજ્ય પ્રગતિની નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. ગુજરાતે છેલ્લા કેટલાંક વર્ષોમાં એવો સર્વાંગી વિકાસ સાધ્યો છે કે જેના કારણે દરેક ગુજરાતીને રાજ્ય પર ગૌરવની લાગણી થાય છે. વર્ષ 2047 સુધી વિકસિત ભારતના નિર્માણમાં ગુજરાત નેતૃત્વ લઈને મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે વર્ષ 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે ગુજરાતે સુવ્યવસ્થિત રોડમેપ તૈયાર કર્યો છે. આવું કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે.રાજ્યને છ ઝોનમાં વિભાજિત કરીને દરેક જિલ્લામાં સ્થાનિક જરૂરિયાતો અને સંભાવનાઓને ધ્યાનમાં રાખી વિકાસકાર્યોનું આયોજન કરવામાં આવી રહ્યું છે અને આ દિશામાં કામગીરી શરૂ થઈ ગઈ છે.

. . . . . . . . . . . . . . . . . .

અખબારી યાદી – હર્ષલ પંડ્યા- મોનાલી

# પુસ્તક વિમોચન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ચિરાગ દારૂવાલા લિખિત 'યોર કમ્પ્લિટ ફોરકાસ્ટ ૨૦૨૬ : ધ યર ઑફ સન'પુસ્તકનું વિમોચન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું.

આ પ્રસંગે મુખ્યમંત્રી એ જણાવ્યું કે ,જ્યોતિષ માત્ર માર્ગદર્શન આપી શકે , સફળતાનો સાચો આધાર તો વ્યક્તિનો 'પુરુષાર્થ' છે.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં દેશ સતત નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે. તેઓ સૌનો સાથ સૌનો વિકાસ...કાર્યમંત્ર સાથે આગળ વધી રહ્યા છે.

..............................

# GANDHINGAR SAJA

ગાંધીનગરના સેક્ટર- 24 ઇન્દિરા નગર વિસ્તારમાં 4 વર્ષની બાળકી સાથે થયેલા દુષ્કર્મના કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપી રામનીત દેવનંદન યાદવને 5 મહિનામાં જ દોષિત ઠેરવી જીવનના છેલ્લા શ્વાસ સુધીની કેદની સજા ફટકારી છે. કોર્ટે પીડિત બાળકી માટે 10 લાખ રૂપિયાનું વળતર ચુકવવાનો પણ આદેશ આપ્યો છે.

આ કેસની ઘટના 15 ડિસેમ્બર, 2025ના રોજ બની હતી. કોર્ટના ચુકાદા અનુસાર દોષિતને જીવનના છેલ્લા શ્વાસ સુધી કેદની સજા ફટકારવામાં આવી છે. ઉપરાંત દોષિત જેલમાં મૃત્યુ પામ્યા પછી જ તેની લાશ વાલીને સોંપવાનો પણ હુકમ આપવામાં આવ્યો છે. પીડિત બાળકી માટે 10 લાખ રૂપિયાનું વળતર ચુકવવાનો આદેશ કોર્ટે આપ્યો છે.

જિલ્લા સરકારી વકીલ સુનિલ પંડ્યાએ જણાવ્યું હતું કે આ કેસમાં સ્પેશિયલ કોર્ટના જોઈન્ટ ડિસ્ટ્રિક્ટ જજ એસ.વી. શર્માએ આજીવન કેદનો ચુકાદો આપ્યો છે. આ કેસ 5 મહિના 10 દિવસમાં પૂર્ણ થયો હતો.

. . . . . . . . . . . . . . . . . .

પીટીસી - ગાંધીનગર - હર્ષલ પંડ્યા- મોનાલી

# ARVALLI CYBER FRAUD

અરવલ્લી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશને એક મોટા સાયબર ફ્રોડ રેકેટનો ભાંડો ફોડ્યો છે. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે " MAA Education and Charitable Trust"ના નામે ખોલાયેલા બે બેંક ખાતાઓનો ઉપયોગ દેશભરના સાયબર ફ્રોડના નાણાંની હેરફેર માટે કરવામાં આવી રહ્યો હતો.

સાયબર ક્રાઈમ પોલીસની તપાસમાં કેનરા બેંક અને એક્સિસ બેંકના બે ખાતાઓ સામે NCCRP પોર્ટલ પર કુલ 71 અરજીઓ નોંધાયેલી હોવાનું બહાર આવ્યું છે.આ બંને ખાતાઓમાં મળીને અંદાજે ₹ 1.85 કરોડથી વધુની રકમ જમા થઈ હોવાનું સામે આવ્યું છે , જે વિવિધ રાજ્યોમાં થયેલા સાયબર ફ્રોડ સાથે સંકળાયેલી હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે. આ અંગે અરવલ્લી જિલ્લા નાયબ પોલિસ વડા , જે. ડી. વાઘેલાએ વિગતવાર માહિતી આપી હતી.

બાઇટ : જે. ડી.વાઘેલા,Dy.SP અરવલ્લી

. . . . . . . . . . . . . . . . . .

પીટીસી -અરવલ્લી - હર્ષલ પંડ્યા- મોનાલી

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગા મ્યુઝિક

.....................................

ડેસ્ક

# ANAND ADAS BRIDGE COLEPESED

આણંદ થી મુંબઈ જતી રેલવે લાઇન પર અડાસ ગામ પાસેના રેલવે ફાટક પાસે ઓવરબ્રિજ બનાવવાની કામગીરી ચાલી રહી છે. જેમાં ગામથી હાઇવે તરફ જતાં રેલવે ટ્રેક થી થોડે દૂર ગઇકાલે મોડી સાંજે નિર્માણાધીન પુલનો ઢાળ તરફનો એક ભાગ બે બીમ વચ્ચેથી ધડાકાભેર નીચે ધસી પડ્યો હતો. જેથી આસપાસના રહેણાંક મકાનો પણ ધ્રુજી ઉઠ્યા હતા અને લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા..સદનસીબે આ દુર્ઘટનામાં પ્રાથમિક માહિતી પ્રમાણે કોઈ જાનહાનિ થઈ નથી.

બે બીમ વચ્ચેના ત્રણ  ગડર વધુ વજન અથવા અસંતુલનના કારણે મોટા ધડાકા સાથે નીચે બેસી ગયા હતા. આ વખતે બ્રિજ નીચે કોઈ અવરજવર કે વ્યક્તિઓ ન હોવાથી મોટી દુર્ઘટના સાથે જાનહાનિ   થઈ ન હતી. આ ઘટનામાં એક પાણીનું ટેન્કર પણ દબાયેલું જોવા મળ્યું હતું.

આણંદ જિલ્લામાં ગત જુલાઈ માસમાં પણ ગંભીરા પાસે મહિસાગર નદીનો બ્રિજ વચ્ચેથી તૂટી પડ્યો હતો

……………………………

પીટીસી-આણંદ – હર્ષલ પંડ્યા  - મોનાલી

# TAMAKU NISHEDH DIWAS

આજે તમાકુ નિષેધ દિવસ છે.તમાકુને કારણે થતા નુકસાન અંગેની જાગૃતિ ફેલાવવા માટેના આજના આ દિવસ નિમિત્તે આજે વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે.

ગુજરાતમાં વર્ષ 2025-26માં "ટોબેકો સિસેશન સેન્ટર્સ " દ્વારા બે લાખથી વધુ તમાકુ સેવન કરનારનું કાઉન્સિલિંગ કરાયું છે. સમગ્ર રાજ્યમાં એન્ફોર્સમેન્ટ સ્કવોડની ૧૦ હજારથી વધુ સરપ્રાઈઝ વિઝિટના પગલે શાળાઓમાં તમાકુ-સેવનમાં ઘટાડો જોવા મળ્યો છે. સાંભળીએ એક અહેવાલ

**(વોઇસ કાસ્ટ- સોનલ પરમાર)**

..............................

- હર્ષલ પંડ્યા - મોનાલી

# WEATHER

મધ્યરાત્રી બાદ અમદાવાદ સહિત રાજ્યભરના અનેક સ્થળોએ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.. મહિસાગર , અરવલ્લી સહિતના વિસ્તારોમાં ગઇકાલથી વરસાદી ઝાપટાં પડ્યા છે.હવામાન વિભાગે પણ ચોથી જૂન સુધી વરસાદની આગાહી કરી છે..

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું..રાજ્યમાં કેટલીક જગ્યાએ પવનની ઝડપ 50 થી 60 કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. સાયક્લોનિક સર્ક્યુલેશનના પ્રભાવને કારણે રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદી સિસ્ટમ સક્રિય બની છે, જેના કારણે આગામી પાંચ દિવસ સુધી વરસાદી માહોલ યથાવત રહેવાની સંભાવના છે.

**(બાઇટ- રામાશ્રય યાદવ, હવામાન વિભાગના વૈજ્ઞાનિક)**

..............................

પીટીસી- અમદાવાદ- હર્ષલ પંડ્યા - મોનાલી

# IPL CRICKET MATCH

આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આઇપીએલની ફાઇનલ મેચ રમાશે... ગુજરાત ટાઇટન્સ અને રોયલ ચેલેન્જર બેંગલુરુ વચ્ચે રમાનારી આ મેચમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.. સાંજે શરૂ થનારી આ મેચ માટે અભેદ્ય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દેશભરમાંથી ક્રિકેટ ફેન્સ અમદાવાદ ઉમટી રહ્યાં છે. ત્યારે ત્રણ હજારથી વધુ પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મીએ સલામતીની વ્યવસ્થામાં ખડે પગે રહશે તેમ અમદાવાદના પોલીસ કમિશ્નર જીએસ મલિકે જણાવ્યુ હતું.

(બાઇટ- જી એસ મલિક, પોલીસ કમિશનર અમદાવાદ,)

આજની આ મેચ માટે એએમટીએસ, બીઆરટીએસ અને મેટ્રોની વિશેષ સેવા શરૂ કરવામાં આવી છે.. જેને કારણે ક્રિકેટ ફેન્સને અવરજવરમાં કોઇ તકલીફ ન પડે.

................................

**IANS** - હર્ષલ પંડ્યા- મોનાલી

# વૉંકાથોન

આકાશવાણી ની 90 મી વર્ષગાંઠ ની ઉજવણીના ભાગરૂપે આકાશવાણી અમદાવાદ દ્વારા આજે વૉંકા થોનનું આયોજન કરવામાં આવ્યું છે. 4 કિલોમીટર ની વૉંકા થોન આકાશવાણી પરિસરથી શરૂ થઈ છે.

આકાશવાણી, દૂરદર્શન, CBC ના તમામ કર્મચારિયો અધિકારીઓ મોટી સંખ્યામાં આ વૉંકાથોન માં ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે.

આકાશવાણી અમદાવાદના વડા એન.એલ.ચૌહાણે આ વોકાથોન અંગે આ મુજબ કહ્યું...

## બાઈટઃ એન.એલ ચૌહાણ ,સ્ટેશન મેનેજર

ન્યૂઝ રૂમ – નિકિતા શાહ- મોનાલી